ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ : સવારે ૯૮ ટકા ● સાંજે ૯૨ ટકા
૨૪ કલાક દરમિયાન
વરસાદ ૨૬ મી.મી.

ગાંધીનગર તાપમાન

શહેરમાં રેશમ આપતા કીડા જીવંત જોવાની સુવર્ણ તક

ટેક્ષ્ટાઈલ ઈન્ડિયા-૨૦૧૭ના ડોમ નં. ૨માં રેશમની ખેતીની લાઈવ પ્રક્રીયાએ આકર્ષણ જમાવ્યું : રેશમના કીડાના ઈંડાથી માંડીને રેશમ મેળવવા સુધીની જીવંત પ્રક્રિયાનું નિદર્શન



ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં ટેક્ષ્ટાઈલ ઈન્ડિયા-૨૦૧૭માં કાપડ ક્ષેત્રેની અદ્યતન ટેકનોલોજી, પ્રોડકટસ, વૈવિધ્ય તથા ડિઝાઈનીંગ સ્કીલ અને વ્યાપારિક તકોનો ભંડાર ખુલવા પામ્યો છે. આ આંતરરાટ્રીય કક્ષાના એક્સ્પોમાં કાપડ વણાટ ક્ષેત્રની પૌરાણિક પધ્ધતિઓ પણ પ્રદર્શિત કરાઈ છે તથા સાથે સાથે રેશમની ખેતી જેવી ગુજરાતીઓ માટે કુતુહલતા પેદા કરતી તથા શહેરના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ઉપયોગી માહિતીનો ખજાનો જોવા મળી રહ્યો છે. ટેક્ષટાઈલ્સ મેગા ટ્રેડ ફેર જાહેર જનતા માટે સવારના ૧૦-૦૦થી રાત્રીના ૧૦-૦૦ સુધી ખુલ્લું રહશે.

ભારતના પૂર્વ વિસ્તારના રાજયોમાં ખાસ કરીને બંગાળમાં રેશનમી ખેતી થાય છે. રેશમ એક ખાસ પ્રકારના કીડામાંથી મળતું તત્વ છે જે અત્યંત બારિક હોવા છતાં મજબૂત અને આરામદાયક હોય છે. રેશમના વસ્ત્રો મૂલ્યવાન હોય છે અને ભારતનું રેશમ દુનિયાભરમાં જાણીતું છે. આ રેશમની ખેતી કેવી રીતે થાય છે, રેશમના કીડા કેવા હોય છે, આ કીડા શું ખાય છે, તેનું કેટલું આયુષ્ય હોય છે, આ કીડા કોશેટો કેવી રીતે બનાવે છે તેમજ એક કોશેટોમાંથી કેટલું રેશમ મળે છે તે તમામ બાબતો ટેક્ષટાઈલ એક્સ્પોના હોલ નં.૨માં જીવંત પ્રસ્તુત કરાઈ છે. અત્યાર સુધી શાળાકીય અભ્યાસમાં વિદ્યાર્થીઓ ભણ્યા છે કેરેશમના કીડાના કોશેટોમાંથી રેશમી વસ્ત્રો બને છે પરંતુ આ પ્રક્રીયા જીવંત જોવાની આ અનેરી તક છે જેમાં રેશમના કીડાને હાથમાં લઈને જોઈ શકાય છે.

ડોમ નં.૨માં રેશમના કીડાના ઈંડા પણ જોવા મળી રહ્યા છે. રેશમના કીડા ઈંડામાંથી બહાર નીકળે પછી તેનું સરેરાશ આયુષ્ય ૨૬ થી ૨૮ દિવસનું હોય છે આ દરમિયાન તે ચાર પ્રકારની સ્થિતિમાંથી પસાર થાય છે. જેમાં નાની ઈયળ, મધ્યમ કદની ઈયળ, કોશેટો વણવાનું ચાલુ કરતી ઈયળ અને કોશેટોમાં પુરાયેલો કીડો વગેરેનો સમાવેશ થાય છે, એક ઈયળ આશરે ૧૫ થી ૧૭ દિવસની થાય ત્યાર પછી તે કોશેટો વણવાનું ચાલુ કરે છે અને એક કોશેટોમાંથી આશરે ૧૫૦૦ મીટર જેટલો રેશમનો તાર પ્રાપ્ત થાય છે. આ ઈયળને એક્સ્પોમાં તે જે ખાસ પ્રકારની વનસ્પતિ પર પેદા થાય છે તેના સાથે રજૂ કરાઈ છે. જયારે ઈયળ પાંદડા ખાતી બંધ થઈ જાય પછી તેને ચોકકસ પ્રકારના વાતાવરણમાં ઉછેરવામાં આવે છે. જેમાં તે કોશેટો વણવાનું ચાલુ કરે છે. અહીં રેશમમાં પણ અનેક પ્રકારના વૈવિધ્યવાળા રેશમ તથા તેના કીડા લાઈવ જોવા મળી રહ્યા છે જે નગરના જ્ઞાનપિપાસુ માટે સુવર્ણ તક સમાન છે.

@ગાંધીનગર

● માનવ વિકાસ પરિષદની વાર્ષિક સભા સાંજે ૪ કલાકે ટ્રસ્ટના પ્રમુખ કાર્યાલય પ્લોટ નં. ૧૭૫૭/૨, સે-૨-ડી ખાતે મળશે.

● થ્રી એસ.આર.બી. ગ્રુપ દ્વારા તાવરિયાજી નિર્દિષ્ટ લયબધ્ધ શ્વસન ક્રિયા કાર્યક્રમ સવારે ૮ થી ૯ કલાક દરમિયાન યોગ હોલ જુના સચિવાલય બ્લોક નં. ૮ની પાછળ યોજાશે.

વાતવાતમાં

● શહેરના પ્રવેશદ્વાર સમા ઘ-૦ સર્કલે બહારથી આવતા મુલાકાતીઓ દ્વારા મહાત્મા મંદિર જવા માટે ત્યાં ઉભેલા ઓટો રીક્ષા ચાલકોને પૃછા કરવામાં આવતી હતી. ઈન્કવાયરી એટલી બધી વધી ગઈ કે પછી જે કોઈ ગાડી ત્યાં ધીમી પડે એટલે રીક્ષાવાળા તેમના પુછયા વગર હાથના ઈશારા કરવા લાગતા હતા જેમાં ઘણીવાર ગાંધીનગરના જ વાહનો હોવાને કારણે રમૂજ પેદા થવા પામી હતી.

ઉદ્યોગ ભવનમાં એ.સી.બી ની ટ્રેપ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર એ.સી.બીને મળેલી ફરિયાદને આધારે પી.આઈ કે.આર.ડાભી તથા ટીમે આજે બપોરનાં અરસામાં ઉદ્યોગભવન ખાતે ટ્રેપ ગોઠવી હતી. ઉદ્યોગભવનમાં આવેલી વિદ્યુત નિરિક્ષકની કચેરીમાં ટ્રેપ ગોઠવીને એ.સી.બીની ટીમે ચીફ ઈલેક્ટ્રીકલ ઈન્સ્પેક્ટર ક્લાસ-૧ અધીકારી અને તેમના પી.એ આસી. ઈલેક્ટ્રીકલ ઈન્સ્પેક્ટરને પકડી પાડ્યા હતા. બંને સામે લાંચ રૂશ્વત અધીનિયમ મુજબ ગુનો દાખલ કરીને ધરપકડ કરી લઈ એ.સી.બી એ ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

ગાંધીનગર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના હોદેદારોની વરણી

પડતર પ્રશ્નોના ઉકેલ માટે ઉગ્ર લડત શૈક્ષણિક સંઘ દ્વારા આપવામાં આવશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિનીના હોદેદારોની બેઠક તાજેતરમાં સેકટર-૬ સરસ્વતી વિદ્યાલય ખાતે બપોરે ૨ કલાકે યોજાઈ હતી. જેમાં જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના નવિન હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ બેઠકમાં કર્મચારીઓના પડતર પ્રશ્નોના ઉકેલ માટે ઉગ્ર લડત આપવા માટે નક્કી કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની બેઠક અર્જુનસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને મળી હતી. નવિન વર્ષ માટે હોદેદારોની વરણી કરાઈ હતી. જેમાં પ્રમુખ તરીકે પ્રદિપસિંહ એમ.ચાવડા, ઉપપ્રમુખ તરીકે સુરેશભાઈ આઈ.પટેલ, મહામંત્રી તરીકે મફતભાઈ એમ.દેસાઈ, સંગઠન મંત્રી તરીકે પ્રવિણભાઈ એ.પટેલ, ખજાનચી તરીકે રમેશભાઈ કે.ચૌધરી, પ્રવકતા તરીકે જયંતિભાઈ જે. પટેલ, કન્વીનર તરીકે સુરેશભાઈ ડી. પટેલ કાર્યાલય મંત્રી તરીકે સુરેશભાઈ ડી.ચૌધરીનો સમાવેશ થાય છે. ત્યારબાદ બેઠકમાં સૌ હોદેદારોએ બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓને ૭માં પગારપંચનો લાભ હજુ સુધી સરકાર દ્વારા આપવામાં આવ્યો નથી તેમજ વર્ષો જુના કર્માચારીઓના પડતર પ્રશ્નોનો પણ નિવેડો આવ્યો નથી. જેને પગલે જિલ્લા શૈક્ષણિક સંઘે ઉગ્ર લડત આપવાનું નક્કી કર્યું છે.તેમ સંઘના પ્રવકતાએ જણાવ્યું છે.

પ્રો. ધર્મેશ પંડ્યા પીએચડી થયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના વતની અને

રાજકોટની આત્મીય ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સના ઈલેક્ટ્રીકલ ઈજનેરી વિભાગમાં ૧૩ વર્ષથી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા પ્રોફેસર ધર્મેશ જગદીશચંદ્ર પંડ્યાએ રાજકોટની એ.વી.પી.ટી.આઈ. સંસ્થાના આચાર્ય ડૉ. આશિત એસ. પંડ્યાના માર્ગદર્શન હેઠળ 'ડી રેગ્યુલેટેડ પાવર સિસ્ટમ' વિષય ઉપર એમ.જે.આર.પી. યુનિવર્સિટી, જયપુરમાંથી પીએચ.ડી.ની પદવી મેળવીને સિદ્ધિ હાંસલ કરી છે.

નભોઈ નર્મદા કેનાલમાંથી યુવાનનો તરતો મૃતદેહ મળ્યો

બિનવારસી મૃતકની ઓળખ માટે પોલીસે તપાસ તેજ બનાવી

ગાંધીનગર તા. ૧

કોબા નજીક આવેલી નભોઈ નર્મદા કેનાલમાંથી આજે બપોરના આરસામાં એક યુવાનનો બીનવારસી મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસને ઘટનાની જાણ થતા પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ બહાર કઢાવી તેની ઓળખ માટે તજવીજ શરુ કરી હતી જોકે મોડી સાંજ સુધી મૃતકની ઓળખ થઈ શકી ન હતી. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

ગાંધીનગર નજીક કોબા ઈન્દીરબ્રિજ માર્ગ પર સ્થિત નભોઈ ગામમંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે બપોરનાં અરસામાં એક અજાણ્યા યુવાનનો બિનવારસી મૃતદેહ તણાઈ આવતો નજરે ચઢતા રાહદારીએ આ અનુસંધાને અડાલજ પોલીસને જાણ કરીને બોલાવી લીધી હતી. અડાલજ પોલીસ મથકનાં જમાદાર અરવિંદસિંહ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ બહાર કઢાવી મૃતકની ઓળખ માટેતજવીજ શરુ કરી હતી. મૃતકની તપાસ કરતા તેની પાસેથી ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા નથી. આશરે ૩૦ થી ૩૫ વર્ષની ઉંમરનાં બિનવારસી યુવાનનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

લોહાણા યુવા સંગઠન, ગાંધીનગરની પ્રમુખપદે નિલેષ પુજારાની વરણી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરની જાણીતી સામાજીક સંસ્થા લોહાણા યુવા સંગઠનના વર્ષ ૨૦૧૭-૧૮ માટે પ્રમુખ પદે શ્રી નિલેષ પુજારાની ફરીથી વરણી કરવામાં આવેલ છે. સંસ્થાની યોજવામાં આવેલ સામાન્ય સભામાં શ્રી નિલેષ પુજારાની ઉતકૃષ્ટ કામગીરી, સમાજ - સંસ્થા પ્રત્યે તેમની લાગણી અને સખત પરિશ્રમના લીધે તેમને ફરી એકવાર સંસ્થાના પ્રમુખ પદની જવાબદારી સોંપવામાં આવી છે.

આઈ લવ માય ગાંધીનગર

ડો. ધર્મેન્દ્ર પટેલ

કોલેજ અધ્યાપક અને સર્વ નેતૃત્વ કાર્યક્રમ આયોજક

ગાંધીનગર ગમે

દુનિયાને આકર્ષતી સુંદરતા, આધ્યાત્મિકતા અને શિક્ષણ, કલા, સંસ્કૃતિની અનેકવિધ પ્રવૃત્તિઓને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

નગરજનો

પોતાના ને પોતાના શહેરના નામનો ડંકો દુનિયામાં વગાડે એવા કાબેલ નગરજનો અહીં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

કડી સર્વ વિશ્વવિદ્યાલય, આર્ષ-અક્ષરધામ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, ગાંધીનગર સાહિત્ય સભા, જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન અને રેડક્રોસ જેવી સંસ્થાની પ્રવૃત્તિઓ ગમે છે.

નગરને બહેતર બનાવવા

યુવાઓ સાથે કાર્ય કર્યું છે ને કરી રહ્યો છું એટલે એમની શક્તિઓનો પરિચય છે. આ શક્તિને નગર માટે કામે લગાડાય તો નગર બહેતર નહીં, શ્રેષ્ઠ બની શકે તેમ છે.

નગર માટે હું કરી શકું

વ્યક્તિત્વ વિકાસ અને શિક્ષણની સર્વ પ્રકારની સહાય માટે હું તત્પર છું.

ગાંધીનગર સ્થિત સમાવિષ્ટ આદિવાડા ખાતે મહિલાઓના જાતિય શોષણ વિશે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ચિલોડા, તા.૧

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના ઉપકમે આદિવાડા વસાહત ખાતે નાલશા (રાષ્ટ્રીય લીગલ સર્વિસ ઓથોરીટી) સ્કીમ અંતર્ગત જાતીય શોષણને લગતા વેપારનો ભોગ બનનાર મહિલા વિશે એક કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ હતી. જેમાં પેરા લીગલ વોન્ટીયર શ્રીમતી વિમળાબેન પી. અયાપી દ્વારા મહિલાઓને જાતીય શોષણને લગતા વેપારના ભોગ બનનાર વિશે કાયદાકીય જનજાગૃતિ માહિતી પુરી પાડી હતી. ભોગ બનનાર (પીડિતા)નું માન-સન્માન જળવાય અને રક્ષણ થાય તેને હરહંમેશ સામાન્ય માણસની જેમ જીવન જીવવાનો હકક મળે તે વિષે વિસ્તૃત સમજ પુરી પાડી હતી. આ શિબિરમાં સામાજિક કાર્યકર તથા પેરા લીગલ વોલન્ટીયર સીતારામભાઈ પટેલ તથા પી.એલ.વી. જિગિષાબેન ઉપાધ્યાય દ્વારા ભોગ બનનાર મહિલા પીડિતાનું સમાજમાં તથા કુટુંબમાં પુનઃ સ્થાપન થાય તેવા સરકારશ્રી દ્વારા અસ્તિત્વરૂપે જનકલ્યાણ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી પુરી પાડી હતી. આ શિબિરમાં આદિવાડા વસાહતની મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. આ શિબિરનું સમગ્ર આયોજન આદિવાડા આંગણવાડી તેડાગર મંજુલાબેને કર્યું હતું.

ઢોર પકડવા ગયેલા સ્ટાફ પર થયેલા હુમલા પ્રકરણમાં પોલીસ ફરિયાદ

ખ-માર્ગ પરથી ઉઠાવેલી ગાયો છોડાવવા રિક્ષા લઈને આવેલા તત્વોએ સ્ટાફ કર્મીઓ પર હુમલો કર્યો હતો : રિક્ષા નંબર આધારે ફરિયાદ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં રખડતા ઢોરો પકડતી ઢોર પકડ પાર્ટીના કર્મચારીઓ ઉપર થોડા દિવસ પહેલા જ હુમલો થયો હતો અને ગઈ કાલે વડાપ્રધાનના ગાંધીનગર આગમન દરમ્યાન પી.એમ રુટ પર રખડતા ઢોર પકડવા ટીમ ફરતી હતી ત્યારે ખ-માર્ગ પરથી ઢોર પકડ પાર્ટીના કર્મચારીઓએ ત્રણેક ગાયો પકડી તેને છોડાવવા રિક્ષામાં એક ગેંગ આવી ગઈ હતી અને કર્મચારીઓ સાથે ગાળાગાળી કરી હુમલો કરી પકડેલી ગાયો છોડાવી ગેંગ ફરાર થઈ ગઈ હતી. આ મામલે આજે સે-૭ પોલીસ મથકમાં ગુનો દાખલ થવા પામ્યો છે.

વડાપ્રધાન રૂટ પરથી રખડતા ઢોર હટાવવા મહાનગર પાલીકાની ઢોર પકડ પાર્ટીની ટીમ ગઈ કાલે સવારથી સક્રીય હતી તે દરમ્યાન ખ-માર્ગ પર ફરતી છ ગાયો ધ્યાને આવી હતી. તે પૈકી ત્રણ ગાયોને પકડીને ટીમે ઢોર ડબ્બામાં ભરી દીધી હતી. અન્ય ત્રણ રખડતી ગાયો પકડવા કર્મચારીઓ આગળ ગયા ત્યારે એક રિક્ષામાં કેટલાક શખ્સો આવી પહોંચ્યા હતા અને કર્મચારીઓ સાથે ગાળાગાળી કરીને કર્મચારીઓ પર હુમલો કરી હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. આ મામલે આજે સુનિલભાઈ ગીરીષભાઈ સોલંકીએ હુમલાખોર સામે ફરિયાદ નોંધાવી છે. જીજે ૧૮ એ.એક્ષ ૩૪૪૦ નંબરની રિક્ષા લઈને આવેલા અજાણ્યા શખ્સ સામે સરકારી કામકાજમાં રુકાવટ ઉભી કરવા બદલ તથા ગાળાગાળી કરી ઝપાઝપી કરવા બદલ સે-૭ પોલીસે આઈ.પી.સી કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), અને ૧૮૬ મુજબ ગુનોદાખલ કરીને અરોપીની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

ભાવસાર મિત્ર મંડળ ગાંધીનગર તેજસ્વી તારલાઓને સન્માનશે

ભાવસાર મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા ૨૦૧૬-૧૭ માટે રમતગમત તેમજ શૈક્ષણિક ક્ષેત્રે જુનિયર કેજીથી ઉચ્ચ અભ્યાસક્રમના તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને પારિતોષિક આપવામાં આવશે. માર્કશીટની ઝેરોક્ષની બે નકલો તા. ૧૫મી જુલાઈ સુધી હોદ્દેદારોને રૂબરૂમાં મોકલી આપવી. માર્કશીટો ઉપર વાલીનું નામ, સરનામું ટેલિફોન દર્શાવવો તેમ ભાવસાર મિત્ર મંડળના પ્રમુખ મહેન્દ્રભાઈ પોપટલાલ ભાવસારે જણાવ્યું છે. સંપર્ક માટે મો. ૯૮૨૫૪૬૩૮૩૫ છે.

રોટરી કલબ અને ગેજીયા દ્વારા રકતદાન કેમ્પ યોજાયો

થેલેસેમિયાના દર્દીઓને સમયસર રકત મળી રહે તે હેતુથી રોટરી કલબ અને ગેજીયાના સંયુકત ઉપકમે તા. ૧-૭-૨૦૧૭ના રોજ યોજાયેલ રકતદાન કેમ્પમાં ૨૫ રકત દાતાઓએ રકતદાન કરીને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં રોટરી પ્રેસીડેન્ટ એન.પી. પટેલ, સેક્રેટરી દિપક બારોટ, આસીસ્ટન્ટ ગર્વનર સમીર ત્રિવેદી, ગેજીયાના પ્રમુખ એચ.એમ. પટેલ, દિનેશ બારોટ, દિનેશ ઓઝા, કુલદિપ જૈન, વિપીન બંસલ અને અન્ય ઔદ્યોગિક સંસ્થાઓ પી.બી.આર. પ્રાઈવેટ લીમીટેડ, ટોપ્સન, કોસ્મોસ લીમીટેડ વગેરેએ સહકાર આપીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

રોટરી કલબ ગાંધીનગરને સેવાકીય પ્રવૃત્તિ માટે ૬ એવોર્ડ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં સેવા, શિક્ષણ અને આરોગ્ય લક્ષી કાર્યક્રમોમાં રોટરી કલબનું પ્રદાન છેલ્લા ૩૦ વર્ષથી અવિરત ચાલુ છે. આ સેવાકીય કાર્યક્રમોને ધ્યાનમાં લઈને રોટરી ડીસ્ટ્રીકટ ૩૦૫૧ના માંડવી, કચ્છ ખાતે તા. ૨૫-૬-૧૭નાં રોજ યોજવામાં આવેલ રોટરી સમર્પણ કાર્યક્રમમાં રોટરી કલબ ગાંધીનગરના સેક્રેટરી ડૉ. દિપક બારોટને સમગ્ર ડીસ્ટ્રીકટમાંથી સેવાલક્ષી કાર્યક્રમોના આયોજન માટે બેસ્ટ સેક્રેટરીનો એવોર્ડ, પ્રમુખ એન.પી. પટેલને આઉટ સ્ટેન્ડિંગ કલબ પ્રેસીડેન્ટ એવોર્ડ અને રોટે. સમીર ત્રિવેદીને આઉટ સ્ટેન્ડિંગ આસીસ્ટન્ટ ગર્વનરનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. અન્ય સેવાકિય પ્રવૃત્તિ માટે ૩ એવોર્ડ પ્રાપ્ત થયા છે.

શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સોમવારે

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની પ્રત્યેક માસની પહેલી તારીખ પછીના સોમવારે મળતી બેઠક તા. ૩જી જુલાઈના સોમવારે પ્રમુખ શ્રી જયોતિદ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને સાંજના પાંચ કલાકે સે-૨૧માં નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે. સંબંધિત સભ્યો, પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓને ઉપસ્થિત રહેવા મહામંત્રી શ્રી નિરજનભાઈ ઓઝાએ જણાવેલ છે.